## નટુભાઇ સી. પટેલ :



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા પ્રાધ્યાપક દીપકભાઇ રાવલ જેમને ગુજરાતી રંગભૂમિના પિતામહ ગણે છે તે નટુભાઇ ચતૂરભાઇ પટેલ [જન્મ : 18 મે 1927] અંગેના એક લેખમાં દીપકભાઇ જણાવે છે, 'ઇંગ્લૅન્ડમાં કળા ક્ષેત્રનો વિચાર કરીએ છીએ ત્યારે નટુભાઇ પટેલ પ્રત્યક્ષ થાય છે. ઊંચો, પાતળો દેહ. આંખે ચશ્માં પણ એમાંથી દેખાતી કીકીઓમાં છલકાતો સ્નેહ વાંચી શકાય. આત્મવિશ્વાસ ફૂટી ફૂટીને ભરેલો. ... વરસની વયે પણ ટટ્ટાર ચાલે છે. નવી નવી યોજનાઓ બનાવે છે. અને તેને સાકાર કરવા પ્રયત્નશીલ રહે છે. જીવનમાં બહુ ચડતી - પડતી જોઇ છે. છતાં ય જીવન વ્યવહારમાં કડવાશ આવી નથી. અનેક લોકોને મદદરૂપ થાય અને વાતોમાં જરા ય દેખાડો ન કરે. મિત્રો માટે તો મરી જાય. ...'

પૂર્વ આફ્રિકા ના યુગાન્ડામાં જ શું, મુંબઇ સમેતના તળ ગુજરાતમાં, તેમ અહીં લંડનમાં, ત્યાં પોર્ટુગલમાં પણ લલિત કળાના પરચમને નટુભાઇએ પૂરી કાઠીએ લહેરાવતો રાખ્યો. નાટક, નૃત્ય, નૃત્યના ટિકા, સંગીતને, 'કલાપી' શી ગુજરાતી ફિલ્મને પણ એમણે સદાય જીવતદાન તો આપ્યું પણ જોડાજોડ તે દરેકને સારુ આત્મવિશ્વાસ જાગૃત થાય તે સારુ ખળું પણ તૈયાર કરી જ આપ્યું.

ગુજરાતી સાહિત્ય અકાદમીના આરંભકાળથી, એક અગત્યના હામી રહેનાર નટુભાઇએ અકાદમીનાં કામોમાં સામેલગીરી કરી છે અને ટૂંકા પડીએ ત્યારે અડખેપડખે રહીને હૂંફટેકો દીધા કર્યો છે.

આવા મુઠ્ઠી ઊંચેરા નટુભાઇ પટેલના સન્માનનો ઉચિત અવસર યોજવાનો અકાદમીએ નિર્ધાર કર્યો છે અને તે **રવિવાર, 06 ઑગસ્ટ 2017ના દિવસે ઠીક બપોરે ત્રણ વાગ્યાથી** અહીં સ્ટેનમોર ખાતે યોજાશે. તે સ્થળની વિગતો અહીં નીચે આપીએ છીએ. આ પ્રસંગે મુંબઇથી નીકળતાં "મારી સહેલી" સામયિકનાં તંત્રી નંદિનીબહેન ત્રિવેદી તેમ જ આ દેશના જાણીતા કળાકાર ભાસ્કરભાઇ પટેલ અતિથિ તરીકે ખાસ ઉપસ્થિત હશે. **પ્રસંગે ઊમટેલાં દરેક સારુ, વળી, પ્રીતિ ભોજનની વ્યવસ્થા ય કરવામાં આવી છે**.

દરેક સુહૃદનું આદરભાવસહ સ્વાગત કરીએ. પધારો. સાથે આનંદીએ.

**Event : Programme to honour Natubhai C. Patel**
**Date : Sunday, 06 August 2017 - from 15.00 hours to 19.00 hours.**
**Venue : The Canons Hall, 1-17, Wemborough Road, STANMORE, Middx HA7 2DU**

Opposite Whitchurch School. Ample free car parking on the site and off Bromfield Road.
Buses - **79,186 & 340**. Underground - **Canons Park Station** is just under 5-7 minutes away.

